**– આંક:૧ લગત હુકમ –**

૧. આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતા, આ કામના આરોપી સામે નામદાર કોર્ટ દ્વારા જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં દર્શાવેલ ઘર ખાલી કરીને બીજે ક્યાંક રહેવા જતા રહેલ છે. ત્યારબાદ પણ આરોપીને અવારનવાર પ્રોસેસ ઈસ્યુ કરવામા આવેલ છે પરંતુ પોલીસ મશીનરી આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવામા સફળ નિવડેલ નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્રના અનુસંધાને આજરોજ લોક–અદાલતમાં સ્પેશીયલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

**કલમ:૨૫૮ , કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા**

**ફરીયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયના કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વ મંજૂરીથી અન્ય કોઈ પણ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને **કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે, તેવી અસર થશે.

૩. આમ, આ કલમ વંચાણે લેતા, સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલા હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવે છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુક્ત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છુટકારાથી બિન–તહોમત મુક્ત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુક્ત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુક્ત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહી. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈઝ

કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતા તેમજ આરોપી સામે વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં પોલીસ મશીનરી આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવાં સફળ નિવડેલ નથી એવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

➔ હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ "બંધ " કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ:૧૧મી માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાનમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.
મુકામઃ અમદાવાદ શહેર.

(હિતેષ જયંતિલાલ તન્ના)
૦૪થા એડી. ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૯, અમદાવાદ શહેર
જજ કોડ નંબર:જીજે:૦૦૯૫૫

આર.કે.સોનારા.